જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૦૧/૨૦૧૯ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૬૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૨૩/૧૯**

**મેઘાણીનગરઃ** ઉષાબહેન વા/ઓ વિનોદભાઇ પટેલ (ઉ.વ.૫૩)(રહે.પાર્વતીનગર સોસાયટી કલાપીનગર) તા.૧૮/૦૧/૧૯ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર કલાપીનગર પાર્વતીનગર સોસાયટી ખાતે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) ઉષાબહેન સરનામુ પુછવાના બહાને નજીક આવી ઉષાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન પટેલે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.જી.સરવૈયા ચલાવે છે.

**રામોલઃ** અજયભાઇ વિનોદભાઇ સાતવલા (ઉ.વ.૩૪) (રહે.સિવાન એવન્યુ ડભોલી કતારગામ સુરત) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૧૯ રાતના ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન મણીનગર રેલ્વે સ્ટેશનથી રામરાજ્ય ચાર રસ્તાથી રાજેંદ્રપાર્ક થઇ કૃષ્ણ પ્લાસ્ટ માર્ટની દુકાન સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક અને રિક્ષામાં બેઠેલ એક પુરૂષે ભેગા મળી અજયભાઇ પાસેની સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની બે વિંટીઓ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને વિવો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**નોકર ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૪/૧૯**

**કાગડાપીઠઃ** અશોકભાઇ તોતારામ બક્ષાણી (ઉ.વ.૪૮)(રહે.હાટકેશ સોસાયટી દર્પણ છ રસ્તા મેમનગર ફાયર સ્ટેશનની પાસે નવરંગપુરા) એ તા.૧૮/૧/૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૧૯ કલાક ૧૧/૦૦ થી તા.૧૦/૦૧/૧૯ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સુમેલ-૧ મા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ “આશા એન્ડ સન્સ” નામની પંજાબી ડ્રેસની અશોકભાઇની દુકાન ખાતે કામ કરતા આરોપી સંજય કશ્યપ (રહે.પાલડી અમદાવાદ) અશોકભાઇના એચ.ડી.એફ.સી.બેંકના એકાઉન્ટના અલગ-અલગ ચેક ચોરી કરી અશોકભાઇની ખોટી સહીઓ કરી અશોકભાઇના ખાતામાંથી કુલ રૂપિયા ૮,૭૬,૦૦૦/- અન્ય વ્યક્તિના ખાતામાં આર.ટી.જી.એસ. દ્વારા ટ્રાન્સફર કરી દીધા હતા. આ ગુનાની તપાસ  પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫/૧૯**

**વેજલપુરઃ** સમીરભાઇ આદમભાઇ વોરા (ઉ.વ.૩૫) (રહે.રહેમાની સોસાયાટી જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૧૯ કલાક ૧૦/૦૦ વાગ્યા સુમારે પોતાના ઘરે અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૧/૧૯ કલાક ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર ધિરૂભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** સંતોષભાઇ શંકરભાઇ દંતાણી (ઉ.વ.૨૦) (રહે.અરજણ બાપાની ચાલી ઠક્કરનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૧૯ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંદ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.